નં.સુડા/ટેક/યુ.૩/ટીપીએસ/૮,૯/૩૯૫૪ 23-૬-૯૯.

પ્રતિ,

અધિક મુખ્ય સચિવશ્રી,
શહેરી વિકાસ અને
શહેરી ગૃહનિર્માણ વિભાગ,
બ્લોક નં.૧૪, નવમો માળ,
નવા સચિવાલય,
ગાંધીનગર.

વિષય : મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૮ (પાલનપોર) સુડા સુરતને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮(૧) મુજબ રાજ્ય સરકારશ્રીને મંજુરી અર્થે સાદર કરવા બાબત.

મહાશય,

જયભારતસહ ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સત્તામંડળ દ્વારા મોજે પાલનપોર-ભેંસાણ તથા પાલ ગામના વિકસી રહેલ વિસ્તારમાં નગર રચના યોજના બનાવવાની જરૂરીયાત જણાતા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) હેઠળ ઉક્ત વિસ્તારમાં નગર રચના યોજના વિસ્તાર માટે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર સાથે રૂબરૂ ચર્ચા વિચારણા તથા લેખિતમાં પરામર્શ કરેલ. જે અન્વયે મુખ્ય નગર નિયોજકશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર નં.નરયો/સુડા/નં.૮/પાલનપોર/ટગુ/૭૩૧, તા.૭-૧-૯૮ થી પ્રસ્તુત નગર રચના યોજનાની નક્કી કરેલ હદ માટે અનુમતિ આપેલ છે. જે અન્વયે સુરત શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૯-૧-૯૮ ની ૧૬૪ મી બોર્ડ બેઠકના ઠરાવ નં.૧૯૧૬ થી (બીડાણ-૧) ઉક્ત અધિનિયમની કલમ-૪૧ હેઠળ નગર રચના યોજના બનાવવાનો ઈરાદો જાહેર કરેલ. જેના અનુસંધાને દૈનિક વર્તમાનપત્રો અનુક્રમે 'સંદેશ' તથા 'નવ ગુજરાત ટાઈમ્સ' માં તા.૧૮-૨-૯૮ ના રોજ (બીડાણ-૨ તથા ૩) તથા સ્થાનિક/હસ્તકની સરકારી-અર્ધસરકારી કચેરીઓ અને સંબંધિત વિસ્તારની અગત્યની જગ્યાઓ ઉપર પણ (બીડાણ-૪) ઈરાદો જાહેર કરતા અધિસૂચનની પ્રસિધ્ધી કરવામાં આવેલ હતી તથા ગુજરાત સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં તા.૧૯-૨-૯૮ ના રોજ ભાગ-૨ પાના નં.૧૦,૧૧,૧૨ ઉપર જરૂરી પ્રસિધ્ધી કરવામાં આવેલ,

...૨

તથા સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરને તા.૧૧/૧૨-૩-૯૮ ના પત્ર નં.ગુડા/ટેક/ટીપીસેલ/૮,૯/૧૨૪૬ થી અધિસુચનની નકલ પાઠવી સરકારશ્રીને જાણ કરેલ છે. (બીડાણ-૫).

પ્રસિધ્ધ થયેલ ઇરાદા મુજબ નક્કી થયેલ વિસ્તાર માટે નગર રચના યોજનાનો મુસદ્દો તૈયાર કરી પ્રસિધ્ધ કરવાની એક વર્ષ (૧૨ માસ) ની સમયમર્યાદા તા.૨૮-૧-૯૯ ના રોજ પુર્ણ થતી હોઇ, સમયમર્યાદા વધુ છ માસ વધારવા માટે સત્તામંડળ ધ્વારા તા.૧૬-૧-૯૯ ના પત્ર નં.નરયો/૮,૯,૧૦/૧૮૮ થી (બીડાણ-૬) સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવેલ. જે અન્વયે સરકારશ્રીએ તા.૨૨-૪-૯૯ ના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક:નરય/૧૪૯૯/૧૨૬/લ થી (બીડાણ-૭) સદરહુ નગર રચના યોજના નં. ૮ પ્રસિધ્ધ કરવાની સમયમર્યાદા તા.૨૮-૭-૯૯ સુધી (વધુ છ માસ) ની વધારી આપવમાં આવેલ છે. દરમ્યાનમાં સત્તામંડળની તા.૮-૧-૯૯ ની ૧૬૮ મી બોર્ડ બેઠકના ઠરાવ નં.૨૦૦૦ થી સદરહુ નગર રચના યોજના નં.૮ ની દરખાસ્તો મંજુર કરવામાં આવેલ.(બીડાણ-૮) અને ત્યારબાદ ઉક્ત કાયદાની કલમ-૪૨(૧) ની જોગવાઇઓ તેમજ શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૯ ની કલમ-૧૭ ની જોગવાઇઓ અન્વયે જમીનમાલીકો/હિતસંબંધકોની એક સભા વિહિત રીતે પ્રસિધ્ધ કરવાના હેતુથી તા.૩૦-૧-૯૯ ના રોજ [illegible] શનિવારે રાખવામાં આવેલ અને તેની જાણ દૈનિક વર્તમાન પત્રો 'સંદેશ' તથા 'ગુજરાત સમાચાર' માં તા.૧૬-૧-૯૯ ના રોજ તથા ગુજરાત મિત્રમાં તા.૧૪-૧-૯૯ ના રોજ જાહેર જનતાની જાણ અર્થે આપવામાં આવેલ. (બીડાણ-૯) તેમજ જમીનમાલીકો/હિતસંબંધકોને પણ લેખિત જાણ કરેલ. જે અન્વયે નિયત સમયે જમીનમાલીકો/હિતસંબંધકોની મીટીંગમાં જમીનમાલીકો અને હિતધરાવનારાઓને સમજુતી અને માર્ગદર્શન આપવમાં આવેલ અને જરૂરી કાર્યવાહી પુર્ણ કરીને ઉક્ત અધિનિયમની કલમ-૪૨(૧) ની જોગવાઇઓ અનુસાર મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૮ જાહેર જનતાના વાંધા મંગાવવા માટે તા.૪-૩-૯૯ ના સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં ભાગ-૨ ના પાના નં.૨૧૪ અને ૨૧૫ ઉપર અધિસુચન પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેની સ્થાનિક વર્તમાનપત્રો 'સંદેશ' તથા 'નવ ગુજરાત ટાઇમ્સ' માં અનુક્રમે તા.૮-૩-૯૯ તથા તા.૧૭-૩-૯૯ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.(બીડાણ-૧૦).

ઉક્ત અધિસુચનમાં જણાવેલ વિગતોએ એક મહિનાની સમયમર્યાદામાં ટી.પી.સ્કીમ નં.૮(પાલનપોર) માં કુલ-૧૮ વાંધાઓ આવેલ. જે અન્વયેની ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે સત્તામંડળની તા.૧૧-૬-૯૯ ના રોજ મળેલ ૧૭૦ મી બોર્ડ બેઠકમાં રજુ રાખવામાં આવેલ તથા તેમાં ઠરાવ નંબર ૨૦૪૦ માં કરેલ ચર્ચા અને વિતરણ કર્યા મુજબ તથા લેવાયેલ નિર્ણય મુજબ રજુ રાખેલ પત્રકમાં દર્શાવેલ વિવરણની વિગતોએ તદઅનુસારના ફેરફારો રીકો-સ્ટ્રીક્શન પ્લાનમાં

...3/-

કરવાનું સર્વાનુમતે ઠરાવ્યું અને સદર સ્કીમ સરકારશ્રીને પાઠવવાની તથા તે અંગેની આગળની કાર્યવાહી કરવાની મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સત્તા આપવામાં આવેલ. (બીડાણ-૧૧) અને તદઅનુસાર મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૮(પાલનપોર) જરૂરી વિગતો,નકશાઓ સહ આ સાથે મંજુરી અર્થે સાદર કરેલ છે.

વધુમાં જણાવવાનું કે આ યોજનામાં સમાવિષ્ટ થયેલ જમીનો/વિસ્તાર અંગે અથવા યોજના મંજુરી અર્થે સાદર કરવા બાબતે અત્રે નામદાર કોર્ટનો કોઈ મનાઈ હુકમ થયેલ નથી. તેમજ કોઈ કોર્ટ મેટર ચાલુ નથી.

સદર હકીકતે ઉક્ત નગર રચના યોજનાને મંજુરી આપવા તથા તે અંતિમ કરવા સારૂ નગર આયોજન અધિકારીશ્રીની નિમણુંક પણ કરવા વિનંતી છે.

બિડાણ : સામેલ પત્રક મુજબ.

મુખ્ય કારોબારી અધિકારી
સુરત શહેરી વિકાસ સત્તામંડળ
સુરત.

નકલ સવિનય રવાના ::

(૧) મુખ્ય નગર નિયોજકશ્રી,
ગુજરાત રાજ્ય,
ગાંધીનગર તરફે બીડાણ-૧ તથા બીડાણ-૨ ની બે નકલો તથા બીડાણ-૩ નો ચેક સેટ સહિત સરકારશ્રીમાં સ્કીમ મંજુર કરવા ભલામણ કરવા તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક-૨૭ મની કલમ-૫૦ નો સુધારેલ કાયદો ૧૯૯૯ મુજબ નગર રચના અધિકારીશ્રીની નિમણુંક કરવા બાબતે સરકારશ્રીમાં યોગ્ય ભલામણ કરવા વિનંતી સહ.

(૨) પ્રવર નગર નિયોજકશ્રી,
પ્રાદેશિક કચેરી,
દક્ષિણ ગુજરાત વિભાગ,
વડોદરા તરફે જાણ સારૂ.

## :: બિડાણનું પત્રક ::

(૧) ઉપર મુજબ નંબર ૧ થી ૧૧.

(૨) મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તો સામેલ કરતો ચોપડો નં.૧ ભાગ

ક. ફીઝીકલ કોમ્પલિટીઝ અને ડોકયુમેન્ટ્સ.

ખ. ઇન્ટ્રોડકશન અને સેલીયન્ટ ફીચર્સ.

ગ. વેલ્યુએશન સ્ટેટમેન્ટ અને કપાતના ધોરણનું પત્રક.

ઘ. સેલ્સ સ્ટેટમેન્ટ.

ચ. ફોર્મ-એફ (રીકોન્સ્ટીટ્યુશન અને વેલ્યુએશન પત્રક).

છ. ફોર્મ-જી ફાયનાન્સ અને કામના અંદાજો.

જ. વિકાસ નિયંત્રણ નિયમો/નોંધ.

ઝ. ઇન્ડેક્ષ પ્લાન.

ટ. મુળખંડનો નકશો.

ઠ. મુળખંડ તથા અંતિમખંડનો નકશો

ડ. અંતિમખંડનો નકશો.

ઢ. સર્વિસ પ્લાન.

ણ. સેલ્સ પ્લાન.

(૩) જાહેર જનતા તરફથી મળેલ વાંધાઓની મુળ અરજી (સેટ-૧) તથા અન્ય બે સેટ ઝેરોક્ષ પૃથ્થકરણ પત્રક સાથે.

(૪) વિકાસ યોજનાના વિભાગીય નકશાની નકલ.